# ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળ, અમદાવાદ

## વાર્ષિક સામાન્ય સભા - ૨૦૧૫

વર્ષ ૨૦૧૪-૧૫ માટેનો વાર્ષિક સામાન્ય સભાનો કાર્યક્રમ તા.૧૩-૦૯-૨૦૧૫ રવિવારના રોજ સ્વ. બળવંતરાય પ્રમોદરાય ઠાકોર મ્યુનિસિપલ કોમ્યુનિટિ હોલ, કાંકરીયા, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યો હતો. માનનીય સાંસદ જનાબ એહમદભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે આપણા સમાજની વેબસાઈટનું વિમોચન ત્થા ઈનામ / શિષ્યવૃત્તિ વિતરણ સભાનો મુખ્ય એજન્ડા હતો.

સભાનો કાર્યક્રમ સવારે ૧૦-૦૦ વાગ્યે શરૂ કરવામાં આવ્યો હતો. સભાના મુખ્ય અતિથી જનાબ એહમદભાઈ પટેલ સાહેબ પધારે તે પહેલા જ સંપુર્ણ હોલ સમાજના સભ્યોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. આ વર્ષના કાર્યક્રમમાં સમાજની મહિલાઓની





ભરચક હાજરી અને તેમનો ઉત્સાહ નોંધાપાત્ર રહ્યા. જનાબ મોહંમદયુનુસ ઘોડીવાળાની દિકરી વહિદાએ આ વર્ષે પ્રથમવાર સભાના કાર્યક્રમનું પોતાના આગવા અવાજ અને શાયરાના અંદાઝ દ્વારા એન્કરીંગ કરી સભાના આયોજનને ચાર ચાંદ લગાવી દીધા. જનાબ યુનુસભાઈ ઈખ્ખરવાળાએ પોતાના બુલંદ અવાજમાં નાત શરીફ પેશ કરીને સભાજનોને મંત્રમુગ્ધ કરી દીધા.

સમયના ચુસ્ત પાબંદ માનનીય સાંસદ જનાબ એહમદભાઈ પટેલ સાહેબ નિર્ધારિત સમયે પધારતાં મંડળના સભ્યો દ્વારા તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં કરવામાં આવ્યું. સંસ્થાના ઉપપ્રમુખ દ્વારા લાગણી સભર અંદાઝમાં સ્વાગત પ્રવચન દ્વારા મુખ્ય મેહમાનનું સ્વાગત કરવામાં આવ્યું. જનાબ યાકુબભાઈ કોઠીવાંતરસાવાળા દ્વારા સંસ્થાનો પરિચય ત્થા રૂપરેખા આપતા માહિતિસભર પ્રવચનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.





અહમદાબાદ શહેરમાં ભરૂચ જીલ્લાના જુદા જુદા ગામડાઓમાંથી અત્રે આવી સ્થાયી થનાર આપણા સમાજના બે વડિલો કે જેમના કુટુંબને અત્રે આવી સૌ પ્રથમ સ્થાયી થવાનું સન્માન સાંપડેલ છે. જનાબ ઈબ્રાહીમ અલાબક્ષ ઉમરજી પટેલ ત્થા ઈસ્માઈલ વલીભાઈ મુકરદમ, બન્નેની હાલની ઉંમર આશરે ૮૫ વર્ષને મુખ્ય અતિથી જનાબ એહમદભાઈ પટેલ સાહેબ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરી, સમાજના વડીલોનો આદર કરી આપણી જુની પરંપરાને જીવંત રાખી.









મંડળના હાલના પ્રમુખ જનાબ મુસ્તાકભાઈ ઘોડીવાળાએ ટુંકુ પણ વકૃત્વ સભર પ્રવચન આપી મંડળની હાલની કામગીરી અને મંડળની ભાવિ યોજનાઓ વિશે મુખ્ય અતિથિને સુમાહિતગાર કર્યા. સમાજના બન્ને વડિલો દ્વારા આ વર્ષે મુખ્ય મેહમાનની હાજરીમાં, વર્ષ ૨૦૧૪-૧૫ના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. વર્ષ ૨૦૧૪-૧૫ માં પ્રોફેશનલ કોર્ષમાં ડીગ્રી મેળવનાર સમાજના હોનહાર વિદ્યાર્થીઓને માનનીય મુખ્ય મેહમાન દ્વારા ઈનામ વિતરણ દ્વારા પ્રોત્સાહિત કરી બીરદાવવામાં આવ્યાં.






સમાજના સભ્યોના બાળકો શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ કરે તે આશયથી, મંડળે આ વર્ષે મેડીકલ, ઈજનેરી તથા ફાર્મસીના અભ્યાસક્રમોમાં એડમીશન મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન શિષ્યવૃત્તિ આપવાનું નિર્ધારેલ. તેની શુભ શરૂઆત આજના મુખ્ય મેહમાનના વરદ્ હસ્તે કરી, મંડળે એક નવો આયામ શરૂ કરેલ છે.






અમદાવાદ ગાંધીનગર સ્થિત સમાજના સભ્યોની સંપૂર્ણ માહિતિનું એકત્રીકરણ કરવા તથા સમાજના વિકાસ અને ઉત્કર્ષના ભાવિ આયોજન માટે મંડળ દ્વારા એક નવી વેબ સાઈટ તૈયાર કરવામાં આવી છે. અતિથી વિશેષ જનાબ એહમદભાઈ પટેલ સાહેબના વરદ્ હસ્તે આ વેબ સાઈટ (www.bjmpsm-ahmedabad.com)નું વિમોચન કરાવી મંડળે સાયબર મીડીયા ક્ષેત્રે પણ સમાજ પ્રગતિ કરે એ આશયથી મંડળે નાનું પણ નિશ્ચિત કદમ ઉઠાવેલ છે. આજનો અને આવનારો સમય, આ વેબ સાઈટ દ્વારા સમાજના સભ્યોને અટૂત રીતે સાંકળેલા રાખશે એવું મંડળનું માનવું છે.





મુખ્ય મહેમાન જનાબ એહમદભાઈ પટેલ સાહેબે તેમની અદભૂત વાક્છટા દ્વારા તેમના અનુભવના નિચોડ સ્વરૂપ, સુંદર માર્ગદર્શક પ્રવચન આપી મંડળની કામગીરીને બીરદાવવામાં આવેલ. ઈનામ વિતરણમાં અને હોલમાં સમાજની માહિલાઓની ભરચક હાજરીને પણ ખૂબ જ બીરદાવી. તેમણે બાળક અને સમાજના ઘડતરમાં ઘરની મહિલાઓનો કેવો અને કેટલો પ્રચંડ ફાળો હોઈ







શકે તેની પણ ચર્ચા કરી. સમાજની વેબ સાઈટને સમાજ ઉપયોગી અન્ય વેબ સાઈટો સાથે લીંક કરી વધુમાં વધુ લાભ સમાજ સુધી કેવી રીતે પહોંચાડી શકાય તેનું માર્ગદર્શન આપ્યું અને તે દ્વારા સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવાનું જણાવી મંડળ માટે વિચારવાની એક નવી દિશા પણ સુચવી.

મુખ્ય મેહમાન જનાબ એહમદભાઈ પટેલ સાહેબના સલાહ અને સૂચનોનું સુંદર વિશ્લેષણ કરી જનાબ મુબારકભાઈ ઘીઘા દ્વારા આભાર પ્રવચનથી સભાના કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.



